દાદા ભગવાન પરિવારનું

જૂલાઈ ૨૦૨૩

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

મિત્રો,

દુનિયામાં જો એક સર્વે કરવામાં આવે કે બધાને શું જોઈએ છે, તો જાણો છો કે સહુનો કૉમન જવાબ શું હશે ? હેપિનેસ ! દુનિયાના જીવમાત્ર સુખને શોધે છે. આ 'મોસ્ટ વૉન્ટેડ' વસ્તુને મેળવવાનો ઉપાય શું હશે ?

જ્ઞાનીઓએ આનંદમાં રહેવાનો સહુથી સરળ, સાદો અને સહેલો ઉપાય બતાવ્યો છે. જો દરેક વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિમાં પૉઝિટિવ ખોળી નાખીએ તો આનંદમાં સહેજે રહી શકીએ.

ચાલો, આ અંકમાં જ્ઞાનીઓની સમજણ, વાર્તાઓ અને ઍક્ટિવિટિઝ દ્વારા આનંદમાં રહેવાની આ 'ગ્રેટેસ્ટ માસ્ટર કી' શીખી લઈએ.

- ડિમ્પલ મહેતા

## Positive જુઓ, આનંદમાં રહો...


વર્ષ : ૧૫, અંક : ૧૧

સળંગ અંક : ૧૭૯

જૂલાઈ ૨૦૨૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved



**અક્રમ એક્સપ્રેસ**

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...

પૉઝિટિવ દૃષ્ટિ એટલે સવળી દૃષ્ટિ. અવળું આવે તેનું પણ સવળું જુએ. પૉઝિટિવ દૃષ્ટિ તરત જ રિઝલ્ટ આપશે અને આનંદમાં રાખશે.


જ્ઞાનીઓએ જે રસ્તે સુખ ખોળેલું, એ ડિરેક્શન પસંદ કરવી જોઈએ. કઈ બાજુએ ચાલવું જોઈએ આપણે ? પૉઝિટિવ તરફ. નેગેટિવથી તો આ દુઃખો ઊભા થયા છે. વ્યક્તિઓ જોડે, વસ્તુઓ જોડે નેગેટિવ આપણને બહુ હેરાન કરે.

**પ્રશ્નકર્તા** : કોઈ વ્યક્તિનું નેગેટિવ જોવાઈ જ જાય છે.

**પૂજ્યશ્રી** : નેગેટિવ બંધ કરવાને બદલે પૉઝિટિવ જુઓ. દાદા કહે છે, કે કોઈએ અડધો કપ ચા પીવડાવી હોય તો આખી જિંદગી એનો ઉપકાર ના ભૂલીએ. તો જેમનું નેગેટિવ દેખાય છે એમનો એવો ઉપકાર નહીં હોય આપણા ઉપર ?

**પ્રશ્નકર્તા** : વસ્તુ તૂટી જાય કે ખોવાઈ જાય તો પણ નેગેટિવ થઈ જાય છે.

**પૂજ્યશ્રી** : વસ્તુ તૂટી ગઈ એમાં દુઃખી થવાનું ? કે બે વર્ષ વાપરી એને યાદ કરીને આનંદમાં રહેવાનું ? પાંચ વર્ષ સુધી બૂટ વાપર્યા હોય અને ખોવાઈ જાય, તો દુઃખી થયા કરે કે બૂટ જતા રહ્યા. પણ પાંચ વર્ષ વાપર્યા એમ બોલ ને ! ખરેખર જે સારી વસ્તુ હોય એના આનંદમાં રહો !



નેગેટિવ, શક્તિ તોડી નાખે, દુઃખી કરે અને પ્રગતિ રોકી નાખે. કોઈ પરિસ્થિતિમાં દુઃખી નહીં થવાનું. ગમે તેવી મુશ્કેલીમાં પણ સારું શોધીને આનંદમાં રહેવું.

કામકાજની બાબત હોય, વ્યક્તિઓની બાબત હોય કે પોતાની જાત માટે હોય, આ બધામાં જેટલું પૉઝિટિવ રહીએ છીએ તેટલો આનંદ એની મેળે જ રહે છે. નેગેટિવ જોયું, નેગેટિવ વિચાર્યું, 'નેગેટિવ થશે તો ?' એવી કલ્પના પણ ઊભી થઈ, જાત માટે નેગેટિવ થયું કે, 'મારાથી આમ નહીં થાય તો ?' દુઃખ ચાલુ થઈ જશે.

એક-એક બાબતને પૉઝિટિવ દૃષ્ટિથી સૉલ્વ કરતા જઈશું, તો આનંદ ક્યાંય ખોવાઈ નહીં જાય.



મને કેમ ના મળ્યું ?
એને મળ્યું તો એ તો હેપ્પી છે ને !
નેગેટિવ દુ:ખને મલ્ટિપ્લાય કરી નાખે. અને પૉઝિટિવ દૃષ્ટિ દુ:ખને અડવા ના દે.
આ તો
સારા માર્ક્સ નહીં આવે તો ?
મેં મહેનત કરી છે અને સારા માર્ક્સ આવશે જ. કેમ નહીં આવે ?!
પૉઝિટિવ એટલે શું ? કશું કાઢવાનું નહીં, કશું ખસેડવાનું નહીં, માત્ર લાવવાનું.



મારી તબિયત ખરાબ છે.
મારી તબિયત સારી છે.
સારી વસ્તુ ઊંધી બોલવાથી બગડી જાય, તેમ ઊંધી વસ્તુ સારી બોલવાથી સુધરી જાય છે.
નવી જ વાત !
એને કેટલું સરસ આવડે છે.
સારો ભાવ રાખજો, તો એનું ફળ તમને સુખ મળશે. પણ ઊંધું સહેજ પણ બોલ્યા, અંધારામાં પણ બોલ્યા કે એકલા બોલ્યા, તો એનું ફળ કડવું ઝેર જેવું આવશે.
નેક્સ્ટ ટાઈમ એ ફેઈલ થાય તો સારું.

# સ્નેહાલય

'આ તો કેવો અન્યાય છે ! આટલી મોટી સ્પર્ધામાં રુદ્ર યોદ્ધા અને હું એનો સારથી ?! અમે તો જોડકા ભાઈઓ છીએ, કાયમ મને જ કેમ ઓછું મળે છે ? કાયમ મારે જ કેમ સમાધાન કરવાનું ? કેમ આખી દુનિયા મારી વિરુદ્ધ ષડ્યંત્ર કરી રહી છે ?' કાર્તિકને ખુશ કરવો એ હંમેશાંથી કઠિન હતું. પણ તે દિવસે જ્યારે ગુરુજીએ આશ્રમમાં એલાન કર્યું ત્યારે તો એનું હૃદય સાવ જ તૂટી ગયું.

એ દોડીને પોતાના આશ્રમના ઓરડામાં ગયો.

'કેમ મા, તું મને છોડીને ચાલી ગઈ ?' કાર્તિક ધ્રૂસકે ધ્રૂસકે રડતા રડતા પોતાની મૃત માતા સાથે વાતો કરવા લાગ્યો. એના આંસુથી એનો પલંગ ભીનો થઈ ગયો અને એ રડતા રડતા જ સૂઈ ગયો.

મધરાતે કાર્તિકને એની માતાનો પ્રેમાળ અવાજ સંભળાયો, 'એક ખજાનાથી ભરપૂર સ્થળ હતું, જેનું નામ હતું સ્નેહાલય. સ્નેહાલયમાં વસતા લોકો ખૂબ જ સમૃદ્ધ હતા. દુનિયાની કોઈ પણ તાકાત તેમના ધનને ખૂટાડી શકે તેમ નહોતી.'

'મા... તું પાછી આવી ગઈ ?!' કાર્તિક ઊંઘમાં વાતો કરવા લાગ્યો, 'મા, આ તો મારી પ્રિય વાર્તા છે, સ્નેહાલયની વાર્તા.'

તેણે ધીરેથી માતાને પૂછ્યું, 'મા, શું આ વાર્તા સાચી છે ?'

'મેં તને કદી કંઈ જૂઠું કહ્યું છે ?' આવું કહી કાર્તિકના માતા ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. કાર્તિક ઊઠીને માતાને શોધવા લાગ્યો પણ તેઓ ક્યાંય મળ્યા નહીં.

'સ્નેહાલય !' કાર્તિક મનમાં બોલ્યો. કદાચ મા મને કહેવા માગતી હતી કે મારે ત્યાં જઈને ખજાનો શોધવો જોઈએ. એમેય, હું અહીં આશ્રમમાં ખુશ નથી.

એણે પોતાના કપડાં અને પૈસા એક પેટીમાં લીધા અને આશ્રમ છોડીને એક એવી જગ્યાની શોધમાં નીકળી પડ્યો જેની દિશા પણ એને ખબર નહોતી.

સાંજ સુધી ભટકતા ભટકતા કાર્તિક આશ્રમથી ઘણે દૂર આવી ગયો, પણ સ્નેહાલયનો કોઈ અતો-પતો નહોતો. રાત પડી. કાર્તિક એક ભેંકાર જંગલની નજીક હતો. સ્નેહાલય પહોંચવાની આશા એણે છોડી દીધી હતી.



અંધારામાં એની આંખો એક સુરક્ષિત સ્થાન શોધી રહી હતી. ત્યાં તો એની નજર દૂરથી આવતા એક રથ પર પડી.

'આ સૂનકાર જંગલમાં એકલો શું કરી રહ્યો છે ?' રથ હાંકનાર યુવાને કાર્તિકને પૂછ્યું.

'મારું નામ કાર્તિક છે. હું સ્નેહાલય તરફ જવા નીકળ્યો છું. પણ મને રસ્તો નથી જડી રહ્યો.'

'સ્નેહાલય ?!' યુવાનને આશ્ચર્ય થયું, 'પણ હવે તો એ બાજુ કોઈ જતું જ નથી...'


'પણ મારે તો જવું છે. તમે મને રસ્તો બતાવશો ?' 'સ્નેહાલય' વિશે કોઈ જાણે છે, એ જાણીને કાર્તિક ખુશ થઈ ગયો.

'હું તને ચોક્કસ રસ્તો બતાવીશ મિત્ર. પણ હમણાં તો રાત પડી ગઈ છે, એટલે અત્યારે આપણે નજીકના ગામમાં આશરો લઈ લઈએ, કાલે સવારે યાત્રા શરૂ કરીશું. અને હા, મારું નામ ધનેશ છે.' યુવાને કહ્યું.

ગામમાં કોઈ પણ યુવાનોને રાત પૂરતું રહેવા માટે જગ્યા આપવા તૈયાર નહોતું.

કાર્તિક ખૂબ ઉદાસ થઈ ગયો. પણ એ કોને ફરિયાદ કરે ? ધનેશની પણ સરખી જ પરિસ્થિતિ હતી, પણ એ બિલકુલ ઉદાસ નહોતો.

ધનેશે ઝાડ નીચે સૂવાની તૈયારી કરી. એનું ધ્યાન સુંદર ખીલેલા ફૂલો પર પડ્યું, જે વાદળોમાં ઘેરાયેલા ચંદ્ર તરફ જાણે હસી રહ્યા હોય એવું લાગતું હતું.





'સારું થયું કે ગામવાસીઓએ આપણને જગ્યા ના આપી. નહીં તો આપણે રોજની જેમ કોઈ ઘરના છાપરા નીચે જ સૂતા હોત અને આ સુંદર નજારો, ચાંદ સાથે વાતો કરતા ફૂલો, એમની સુગંધથી મહેકતું આ વાતાવરણ, આ બધું જ માણવાનું ગુમાવ્યું હોત.'

કાર્તિકને પોતાના કાન પર વિશ્વાસ ન થયો. 'શું ? તમને એ ગામવાસીઓ પર બિલકુલ પણ ગુસ્સો નથી આવી રહ્યો ?'

'ના ના, બિલકુલ નહીં ! કાયમ આવું ક્યાં ભેગું થાય છે ? ક્યારેક જ આવી તકલીફ આવે છે, અને એમાં પણ જો હું ફરિયાદ કરું તો એ મારી નબળાઈ ના કહેવાય ?'

'તકલીફમાં દુ:ખી થવું એ નબળાઈ કહેવાય ?' કાર્તિકે પૂછ્યું.

'હાસ્તો ! જે શક્તિશાળી હોય તે તો નાની-મોટી ગોઠવણી કરીને તકલીફોને દૂર કરી દે. સંજોગો તો જે આવવાના છે એ જ આવશે, આપણે એમાં કઈ રીતે ખુશ થવું એ આપણી ઉપર છે.'

ધનેશની વાત કાર્તિકના દિલને સ્પર્શી ગઈ.

સૂર્યના પ્રથમ કિરણ સાથે જ બન્ને યુવાનો યાત્રા માટે નીકળી પડ્યા. ધનેશ આજુબાજુનું કુદરતી સૌંદર્ય માણતા માણતા ગીત ગણગણાવી રહ્યો હતો. જ્યારે કાર્તિક શાંતિથી બેઠો હતો. બપોર થતા બન્ને એક નદી આગળ રોકાયા અને ત્યાં ફળ ખાઈ અને પાણી પીધું.

જ્યારથી ધનેશ મળ્યો ત્યારથી એક વાત કાર્તિકને હેરાન કરી રહી હતી. અંતે એણે હિંમત કરી ધનેશને પૂછી જ લીધું, 'હું તમને એક સવાલ પૂછું ? આપણે મળ્યા ત્યારથી હું જોઉં છું કે તમે...'

'કે હું લંગડાઈને ચાલુ છું ?' કાર્તિકનું અધૂરું વાક્ય ધનેશે પૂરું કર્યું.

'હા...' કાર્તિકે અચકાતા કહ્યું.

'બે વર્ષ પહેલા થયેલી બીમારીની આ ભેટ છે.' ધનેશના અવાજમાં બિલકુલ પણ દુ:ખ ન હતું. 'આ બીમારીએ મારી શક્તિઓની મને ઓળખાણ કરાવી છે. હું કાયમ એવું જ વિચારતો કે હું એક બહાદુર યોદ્ધા છું. પણ આ બીમારીએ મને સારથી બનવાની ક્ષમતા બતાવી. કઈ રીતે જાણે છે ? આ બીમારીમાં મારા પગ ભલે સક્ષમ ન રહ્યા પણ મારા બાકીના અંગોની શક્તિ મને ઓળખાઈ. જે આપણી પાસે નથી એના દુ:ખમાં રહેવા કરતા, જે આપણી પાસે છે એના આનંદમાં કેમ ના રહીએ ?' પછી મજાકમાં પોતાના બાહુઓની તાકાત દેખાડતા ધનેશે કહ્યું કે, 'શું આ હાથ એક મહાન સારથી બનવા માટે પૂરતા નથી ?'

કાર્તિકના મોઢા પર તરત જ હાસ્ય પ્રસરી ગયું, 'હા, એ તો છે જ.'

ધનેશના શબ્દોની કાર્તિક પર ખૂબ જ ઊંડી અસર થઈ.


બન્ને યુવાનો એમની યાત્રામાં આગળ વધ્યા. અંતે એક ગામના પ્રવેશદ્વાર આગળ આવીને ધનેશે એનો રથ રોક્યો, 'આ છે સ્નેહાલય.'

'ખરેખર ? આપણે પહોંચી ગયા ?!' કાર્તિકની ખુશીનો પાર ના રહ્યો.

'સૌથી પહેલા, પેલા પર્વતની ટોચ પર રહેલા પ્રખ્યાત મંદિરે દર્શન કરી લે.' ધનેશે કાર્તિકને દિશા ચીંધી.

ઘણા પગથિયા ચડીને કાર્તિક મંદિરે પહોંચ્યો. મંદિરના ગભારામાં રહેલા દેવતા અત્યંત સુંદર અને તેજસ્વી લાગતા હતા. કાર્તિકે ખૂબ શ્રદ્ધાથી માથું ઝુકાવ્યું.

દર્શન કર્યા બાદ કાર્તિકને માતાએ કહેલો 'ખજાનો' યાદ આવ્યો જેની શોધમાં એ નીકળ્યો હતો. ખજાના વિશે એ વિચારી રહ્યો હતો ત્યાં જ એને એક પરિચિત અવાજ સંભળાયો, 'તારું અહીં આવવાનું કારણ શું હતું ?'



ધનેશને પોતાની સામે ઊભેલો જોઈને કાર્તિકને ખૂબ સારું લાગ્યું.

'ધનેશ, હું અહીંયા સ્નેહાલયના પ્રખ્યાત ખજાનાની શોધમાં આવ્યો છું. મારી માતાએ મને આ ખજાના વિશે કહ્યું છે.' કાર્તિકે જણાવ્યું.

'એ ખજાનો ?!' ધનેશે કહ્યું, 'હમણાં જે દેવતાને તું નમ્યો તેમની પાસે કદી ના ખૂટે એવો જ્ઞાનનો ખજાનો છે, અને તે જ ખજાનો તેમણે સ્નેહાલયના રહેવાસીઓને આપ્યો છે. જો તું પણ આ સમજણ તારા દિલમાં રાખીશ તો ક્યારેય દુઃખી નહીં થાઉ.'

કાર્તિકે આ ખજાનાની ઝલક ધનેશમાં જોઈ છે. ધનેશને કોઈ પણ કઠિન પરિસ્થિતિ હરાવી શકે એમ નથી.

'ધનેશ, હું તારો આભારી છું. તું ખરા અર્થમાં મારો સારથી બન્યો. અને તેં મને સાચી દિશામાં વાળ્યો છે.' કાર્તિક આશ્રમ તરફ જવા નીકળ્યો.


અંતે પૂર્ણિમાના દિવસે કાર્તિક આશ્રમમાં પાછો ફર્યો. પોતાના ભાઈને સલામત પાછો આવતો જોઈને રુદ્રની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા.

'બહાદુર યોદ્ધા, તમારો કુશળ સારથી હાજર છે !' કાર્તિકે પોતાના ભાઈને કહ્યું, 'આજે આપણે સાથે મળીને આ સ્પર્ધા જીતીશું !' આમ કહીને, કાર્તિક રથ પર ચડ્યો અને તેણે ખુશી ખુશી ઘોડાની લગામ સંભાળી લીધી.

# રોંગ ? રાઇટ



તમે જ કહો, એક દિવસમાં કોઈની સાથે કેટલું ખોટું થઈ શકે ? આજે તો મને લાગ્યું કે જેટલું રોંગ થઈ શકે એ બધું જ મારી સાથે આજે થઈ ગયું. પણ મને પૂજ્યશ્રીનો લાસ્ટ યરનો મેસેજ યાદ છે, 'પૉઝિટિવ જુઓ, આનંદમાં રહો.' આખો દિવસ હું એ અપ્લાય કરતો રહ્યો. ચાલો, હું તમને મારા આજના દિવસની સ્ટોરી કહું.



સવારે ઊઠ્યો ત્યારે તો હું બહુ ખુશ હતો. સવાર સવારમાં જેસ્પરનો ફોન આવ્યો કે ઝોઈ અમને બધાને એની નવી કારમાં બટરફ્લાય ગાર્ડનમાં લઈ જવાની છે. પણ એ બધાને પિક-અપ કરવા નહોતી આવવાની. બધાએ સાંજે ચાર વાગે લાઈબ્રેરી પાસે મળવાનું હતું.



લાઈબ્રેરી તો મારા ઘરથી બહુ દૂર છે, એટલે મને થયું કે ડેડી મને ડ્રૉપ કરી દેશે. પણ ડેડીને તો આજે ટોરો સાથે એક ઈમ્પૉર્ટન્ટ મીટિંગ હતી. પણ હું દુઃખી ના થયો. મેં બીજું સૉલ્યુશન વિચારી લીધું કે હું મારી સાઈકલ, 'ટ્રીન-ટ્રીન' પર પહોંચી જઈશ.


ઘણા ટાઈમ સુધી મેં ટ્રીન-ટ્રીનની ચાવી શોધી. પણ એ મળી જ નહોતી રહી. હું દુઃખી ના થયો. પૉઝિટિવ રહીને શોધતો રહ્યો, તો ફાઈનલી મારી બહેનના રમકડોમાંથી મળી ગઈ.
મારી પાસે ટાઈમ હતો એટલે હું પૉઝિટિવ જ રહ્યો કે હું ટાઈમ પર પહોંચી જઈશ. પણ થોડે દૂર ગયો ત્યાં તો જોયું કે રસ્તામાં એક મોટું ઝાડ નીચે પડ્યું હતું અને આગળ જવાનું પૉસિબલ જ નહોતું.
પોણા ચાર વાગી ગયા હતા. ચાર વાગે મારે લાઈબ્રેરી પાસે પહોંચવાનું હતું. ‘ટાઈમ પર નહીં પહોંચું તો બધા મને લીધા વગર નીકળી જશે.’ પૉઝિટિવ રહેવાનું અઘરું થઈ રહ્યું હતું. પણ છતાંય હું પૉઝિટિવ રહ્યો. ત્યાં તો મને કેમી મળ્યો, એણે મને લાઈબ્રેરી જવાનો બીજો રસ્તો દેખાડ્યો.

હું બહુ જ ખુશ થઈ ગયો. મને પાકું લાગ્યું કે પ્રૉબ્લેમ્સ વખતે પૉઝિટિવ રહીએ તો ઉપાય મળી જ જાય. પણ ત્યાં તો અચાનક મારી સાઈકલના ટાયરમાંથી હવા નીકળી ગઈ અને સાથે સાથે મારામાંથી પણ !







ટ્રીન-ટ્રીનમાં પંચર પડ્યું હતું. સાચું કહું છું, આજ સુધી ટ્રીન-ટ્રીનમાં ક્યારેય પંચર નહોતું પડ્યું ! પંચર રિપેર થવામાં એક કલાક થાય. એટલે હવે ટાઈમ પર પહોંચવું મારા માટે પૉસિબલ નહોતું. હું ફાઈનલી નિરાશ થઈ ગયો. હવે મારી પાસે કોઈ પૉઝિટિવ સૉલ્યુશન ના રહ્યું.



ઉદાસ ચહેરે હું ઘર તરફ પાછો વળ્યો. ઘરની બહાર ડેડીની કાર પાર્ક થયેલી હતી. 'પણ ડેડી તો મીટિંગમાં જવાના હતા !' ત્યાં તો મમ્મી રડતી રડતી બહાર આવી અને મને ભેટીને રડવા લાગી. 'તું ઓકે છે ને બનબન ?' મમ્મી રડતા રડતા મને પૂછી રહી હતી.

મને થયું કે સાઈકલમાં પંચર પડે એમાં આટલું બધું શું રડવાનું ? પણ મમ્મીને કેવી રીતે ખબર પડી કે મારી સાઈકલમાં પંચર પડ્યું હતું ? ત્યારે મને ખબર પડી કે મમ્મી એટલા માટે રડી રહી હતી કે ઝોઈની કારનો એક્સિડન્ટ થઈ ગયો હતો. કોઈ સીરિઅસ નહોતું, પણ બધાને હોસ્પિટલ લઈ ગયા હતા.






બધાનો જ કૉન્ટેક્ટ થઈ ગયો હતો, સિવાય કે મારો. એટલે જ મમ્મી-ડેડી બહુ ટેન્શનમાં આવી ગયા હતા. મને શોધવા માટે તેઓ હોસ્પિટલ જવા નીકળવાના જ હતા અને ત્યાં હું એમને મળી ગયો. આખો દિવસ નાની નાની વાતોમાં પૉઝિટિવ શોધીને હું આનંદમાં રહ્યો અને દિવસના એન્ડમાં મને 'ઓકે' જોઈને મમ્મી-ડેડીના આનંદનો પાર ના રહ્યો. મમ્મી-ડેડીને હેપ્પી જોઈને મને સમજાયું કે મારી સાથે કંઈ જ રોંગ નહોતું થયું પણ બધું જ રાઈટ થયું હતું !

ત્યાં તો મને ડેડીની કારનો હૉર્ન સંભળાયો. એમની સાથે મારા ફ્રેન્ડ્સને હોસ્પિટલમાં મળવા અને મારા આજના દિવસની સ્ટોરીમાં થોડો વધારે આનંદ એડ કરવા માટે હું રેડી થઈ ગયો !



# ચાલો રમીએ...



જુદી પડેલી મધમાખીઓની જોડીઓને શોધી
તેના ઘર સુધી પહોંચાડવાનું ચેલેન્જ ભાલુએ
લીધું છે. શું તમે ભાલુને હેલ્પ કરશો?



# જ્ઞાનીની દૃષ્ટિ કેવી હોય ?

જ્ઞાનીની દૃષ્ટિ હંમેશાં પૉઝિટિવ પર જ હોય. વર્ષો પહેલા નીરુમાએ પૂજ્યશ્રીના પૉઝિટિવ ગુણોની ઓળખાણ એમને કરાવી હતી.

પૂજ્યશ્રીને લાગતું કે તેઓ ઢીલા છે. પણ નીરુમાએ તેમને પૉઝિટિવ દેખાડ્યું, 'દીપક, તારામાં સ્પર્ધા નામનો ગુણ નથી. તું ક્યારેય સ્પર્ધામાં પડતો નથી અને ક્યારેય કોઈના નેગેટિવ જોતો નથી. તારી દુકાનમાં શું માલ છે એ તને ખબર નથી. અમે તને બતાડીએ છીએ એ તું જો.' અને આમ, સવળો માલ દેખાડતા દેખાડતા નીરુમા પૂજ્યશ્રીને ખૂબ ઊંચે લાવ્યા.

દાદાશ્રીએ પણ હંમેશાં પૂજ્યશ્રીને પ્રોત્સાહન જ આપ્યું હતું. દાદા પૂજ્યશ્રીને કહેતા કે, 'દીપક, તારામાં અમુક સુંદર ગુણો છે. તું ખૂબ આગળ વધી શકે એમ છે. તું ટૉપમોસ્ટ પહોંચી શકે એવો છે.'

જ્યારે બહારના લોકો કહે કે, 'તું આવો છે, સમજતો નથી, આવડતું નથી, ભણતો નથી, ક્યારેય ઊંચો નહીં આવે' ત્યારે હૃદય તૂટી જાય અને ક્યારેક ડિપ્રેશન આવી જાય. પણ જ્ઞાનીઓ તો હંમેશાં પૉઝિટિવને પોષણ આપીને વ્યક્તિઓને ખીલવે.

**જ્ઞાનીઓ તો હંમેશાં પૉઝિટિવને પોષણ આપીને વ્યક્તિઓને ખીલવે.**

આપણી જેમ આલુ ચીલી પણ ક્યારેક ક્યારેક નેગેટિવ થઈ જાય છે. શું તમે એ નેગેટિવને પૉઝિટિવમાં ફેરવીને આલુ-ચીલીની હેપિનેસ શોધીને લખી આપશો ?


# ટર્ન ઈન ટુ પૉઝિટિવ





હિન્ટ - જો તમે કન્ફ્યૂઝ થાવ તો, 'જ્ઞાનીઓ કહે છે' એમાંથી હેલ્પ જરૂર લેજો.

રીઝોને ભૂખ લાગી તો એ મારી ફેવરિટ હેટ ખાઈ ગયો.



શું પૉઝિટિવ જોઈ શકાય ?

આ હેટ મેં ખૂબ વાપરી. અને રીઝોએ જ્યાં કાણું પાડ્યું છે ત્યાં નવું કપડું લગાવી દઈશ તો નવી સ્ટાઈલની હેટ થઈ જશે.

મમ્મી ક્યારેય મારાથી હેપ્પી નથી થતા. સિંગિંગમાં મને ૮૪% આવ્યા તો પણ કહે છે કે કીકી કોયલની જેમ તને ૯૨% કેમ ના આવ્યા ?

શું પૉઝિટિવ જોઈ શકાય ?






શું પૉઝિટિવ જોઈ શકાય ?




શું પૉઝિટિવ જોઈ શકાય ?




શું પૉઝિટિવ જોઈ શકાય ?

# મીઠી યાદેં



૨૫ ડિસેમ્બર ૨૦૦૨ના દિવસે અડાલજ ત્રિમંદિરની ભવ્ય પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. દેશ-વિદેશ અને ગામેગામથી મહાત્માઓ પધારવાના હતા.

દોઢ મહિનાની વાર હતી. પણ મંદિરનું એક પણ શિખર તૈયાર નહોતું થયું. શિખરો વગર મંદિરની પ્રતિષ્ઠા થવી શક્ય નહોતી. કામ તો અઘરું હતું જ, પણ સાથે સાથે અમુક લોકોની નેગેટિવ વાતોથી કામ કરનારા આપ્તપુત્રો અને મહાત્માઓમાં નિરાશા છવાઈ ગઈ હતી.

બધા નીરુમા પાસે ગયા. નીરુમાએ બધાને એવી હિંમત આપી કે બધાની હતાશા ચપટીમાં ખલાસ થઈ ગઈ અને બધાને કામ કરવાની શક્તિ મળી ગઈ. નીરુમાએ શ્રદ્ધાપૂર્વક કહ્યું, 'દાદા છે અને દાદા જ કરશે ! ત્રણેવ શિખરો તૈયાર થઈ જ જશે !' સાથે સાથે નીરુમાએ એવા સુંદર સૉલ્યુશન બતાડ્યા કે બાંધકામ ચોવીસ કલાક ફૂલ સ્પીડથી ચાલવા લાગ્યું.

આ સમયે કામ કરનારાઓને ફક્ત રાઈટ ગાઈડન્સ અને ઉત્સાહની જરૂર હતી, જે નીરુમા પાસેથી ભરપૂર મળી રહેતું. જ્યારે જ્યારે કોઈ પણ રુકાવટ આવે, ત્યારે બધા નીરુમા પાસે દોડી જતા અને નીરુમા પાસેથી એવું પૉઝિટિવ બળ મળતું કે સહુની કામ કરવાની શક્તિ ફરી જીવંત થઈ જતી.


ફક્ત આપ્તપુત્રો અને મહાત્માએને જ નહીં, પણ મંદિરના બાંધકામમાં જોડાયેલા કોન્ટ્રાક્ટરો, મજૂરો અને બધા જ લોકોને પૉઝિટિવ વાતાવરણની એવી અસર થઈ કે અશક્ય લાગતું કામ પણ શક્ય બની ગયું !

# My Creation

ઘણા મોટા લોકો, ઈમ્પૉર્ટન્ટ કામો કરવા માટે 'ગુગલ કેલેન્ડર' પર રિમાઈન્ડર (જે યાદ અપાવે તે) સેટ કરતા હોય છે. પૉઝિટિવ રહેવું પણ ઈમ્પૉર્ટન્ટ જ છે ને ? ચાલો, આપણે 'પૉઝિટિવ જોવાનું' રિમાઈન્ડર બનાવીએ.

નીચે આપેલી સૂચનાઓને ફૉલો કરીને ટેગ્સ બનાવીએ. ટેગ્સ પર લખેલા પૉઝિટિવિટીના સૂત્રો આપણને 'પૉઝિટિવ જોવાનું' યાદ અપાવ્યા કરશે.




૧. આપેલા પિક્ચરને કાપી લો.
૨. તેમાં વચ્ચે બતાવેલ કાળી લીટી પાસેથી વાળી લો.

૩. તેના અંદરના ભાગમાં ચાર્ટ પેપર મુકી ટેગના આકાર અને કદનું કાપી લો.
૪. અંદરના ભાગમાં ગુંદર લગાવી ચાર્ટ પેપરને બંને ભાગ સાથે ચિપકાવી દો.

આ ટેગને તમે બુકમાર્ક તરીકે વાપરી શકો છો. અથવા બેગ ટેગ તરીકે વાપરવા ઉપરની તરફ નાનું કાણું પાડી તેમાં ૬-૭ ઈંચ લાંબો દોરો અથવા વાયર નાખી તેના છેડે ગાંઠ મારી દો.

Akram Express

July 2023
Year : 15, Issue : 11
Conti. Issue No.: 179

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# Akram Express 15th Birthday

**આવતા મહીને આપણા વ્હાલા
અક્રમ એક્સપ્રેસનો 15th Birthday છે.
તો ચાલો, આ વર્ષે આપણે
અક્રમ એક્સપ્રેસનો બર્થ ડે
સ્પેશિયલ બનાવીએ
તમારા અનુભવોથી...**

## અક્રમ એક્સપ્રેસને તમારા અનુભવો મોકલાવો.

- અક્રમ એક્સપ્રેસમાંથી તમે શું શીખ્યા ?
- શું અક્રમ એક્સપ્રેસે ક્યારેય તમને કંઈ મદદ કરી છે ?
- અક્રમ એક્સપ્રેસથી જોડાયેલ કોઈ મજેદાર વાત...

આ સિવાય, પણ તમારે અક્રમ એક્સપ્રેસ માટે કાંઈ પણ શેર કરવું હોય તો જરૂરથી કરજો.

**તમારા અનુભવો લખીને, ઓડિયો રેકોર્ડ કરીને અથવા વિડીયો રેકોર્ડ કરીને ૧૮ જુલાઈ ૨૦૨૩ સુધીમાં ૯૩૧૩૬૬૫૫૬૨ પર જરૂરથી મોકલાવજો...
અમે તમારી રાહ જોઈશું...**

### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

મુક્ત ઉજવણી પ્રસાર શિક્ષણ
દાદા ભગવાન ફાઉન્ડેશન

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.